અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૪૫૪-૯૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૯/૦૪/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય :- શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ ના ઉનાળુ વેકેશન બાબત.
સંદર્ભ :- અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૩/૧૫૪૨-૧૫૮૭, તા.૦૨/૦૫/૨૦૨૩.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના સંદર્ભદર્શિત પત્રથી મોકલવામાં આવેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ઉનાળુ વેકેશન તા.૦૬/૦૫/૨૦૨૪ થી તા.૦૯/૦૬/૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવેલ હતુ. ઉપરોક્ત તારીખોમાં ફેરફાર કરીને તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન તા.૦૯/૦૫/૨૦૨૪ થી તા.૧૨/૦૬/૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવે છે. આ અંગે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરશો.

નોંધ પર મળેલ માન.અધ્યક્ષશ્રીના આદેશ અન્વયે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના (જાણ સારું) :-

- અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી, (પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.

E:\HK-\Calender\Calender-2024-25\પરિપત્ર - ૨૯-૦૪-૨૦૨૪ - Copy.docx